ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

## અખબારયાદી

Date : 19th February, 2019

પ્રતિ,
તંત્રી શ્રી,
.........................................................................,
ભાવનગર.

લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા

## માઘ પૂર્ણિમાએ 'સુભાષ પૂર્ણિમા આકાશ દર્શન' ના કાર્યક્રમનું આયોજન

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર દ્વારા પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિજ્ઞાનને સમાજ ઉપયોગી બનાવવા અને પર્યાવરણ પ્રત્યે લોક જાગૃતતા લાવવા ૧૬ વર્ષથી વિવિધ દિવસોની ઉજવણી જેવા અનેક વિધ કાર્યક્રમો દ્વારા કાર્યરત છે.

આ સમગ્ર બ્રહ્માંડમાં છુપાયેલા રહસ્યો તથા ગ્રહો નક્ષત્રોની ગતિવિધિને સમજવા આપણા પ્રખ્યાત ખગોળશાસ્ત્રી સ્વ.પ્રો. સુભાષભાઈ મહેતાએ એમના સમગ્ર જીવનકાળ દરમિયાન દરેક ખગોળપ્રેમી લોકોને બ્રહ્માંડ અને તેના રહસ્યો જેવાકે નક્ષત્રો, ગ્રહો, અને અનેક ખગોળીય ઘટનાઓ અંગે એમનું જ્ઞાન પીરસીને એમની જિજ્ઞાસાને સંતોષી છે. એમની આ જ્યોતને વધુ પ્રકાશિત કરવા અને વધુમાં વધુ ખગોળપ્રેમીઓ સુધી પહોચવા એ જ રીતે આ માર્ગને વિશાળ બનાવવા લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા આ કાર્યક્રમને સુભાષ પૂર્ણિમા સ્વરૂપે ઉજવીને સુભાષસરની શ્રદ્ધાંજલિ સ્વરૂપે આગળ ધપાવી રહ્યા છે. લોક વિજ્ઞાન કેન્દ્ર ,ભાવનગર દ્વારા પ્રેરિત ભાવનગર એસ્ટ્રોનોમી કલબ દ્વારા તા.૧૯ ફેબ્રુઆરી,૨૦૧૯ ને મંગળવારના રોજ સાંજે ૦૭ :૦૦ કલાક થી ૦૯ : ૦૦ કલાક સુધી તખ્તેશ્વર મંદિર ખાતે ટેલીસ્કોપ દ્વારા ચંદ્ર દર્શન તથા હિરણ નક્ષત્રની માહિતી આપવામાં આવશે.

ભાવનગરના ખગોળરસિક જનતાને ટેલીસ્કોપ દ્વારા આ ઘટનાને નિહાળવા માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવે છે.

૧૯-૨-૧૯
(હર્ષદ જોષી)
કો-ઓર્ડિનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.

D:\2018-19\All Letter and Press Note 2018-19 \Press of KRCSC FL 2018-19

follow us on YouTube KRCSCBhavnagar

Also like our facebook Pages : krcscbhavnagarpage | EBCBhavnagar | CreativeCHEMISTRYClub | BACBhavnagar | bapukhagolmelaBhavnagar | VIPNETClubBhavnagarGJ0013 | BURDBhavnagar